# ઈન્ટરનેટ આશિર્વાદ કે અભિશાપ

ટેકનોલોજીના પર્વતમાન યુગમાં કમ્પ્યૂટરની શોધ માનવજાત માટે અણમોલ અને અદભૂત સિદઘી રુપ પુરવાર થઈ છે. વર્ષપતિવર્ષ આ કમ્પ્યુટરમાં અનેક પ્રકારના સોફટવેર ઉમેરાતા જાય છે. જેના પરિણામે કમ્પ્યૂટર સાથે સંલગ્ન તમામ પ્રકારની સેવાઓને લીધે આજનો માનવી કલ્પનામાં પણ ન આવે એટલી બધી સર્જનાત્મકતા,મનોરંજનાત્મકતા, વ્યવસાયલક્ષી અને વાણિજિયક સુવિધાઓ પ્રાપ્ત કરી શકયો છે. કમ્પ્યૂટરના માઘ્યમથી ઉપલબ્ધ થતી સેવાઓને જો સર્જનાત્મક કે રચનાત્મક ઉપયોગ થાય તો તે માનવજાત માટે આશીર્વાદરુપ બની જાય છે અને જો વ્યંજનાત્મક કે વિનાશાત્મક ઉપયોગ થાય તો તે અભિશાપરુપ બની જાય છે.

આટલસ ભૂમિકા બાદ આપણે હવે ઈન્ટરનેટ ના નામે ઓળખાતી કમ્પ્યૂટરાઈઝડ સેવાને સમજવાનો પ્રયત્ન કરીએ. ૧૯૬૦ના અંતમાં યુ.એસ.મિલિટરી ની નાણાકીય સહાય દવારા એક સંસ્થા એડવાન્સ રિસર્ચ પ્રોજેકટ એમ્બેસી ની સ્થાપના કરી. તેમાંથી ઈન્ટરનેટનો ઉદભવ થયો. ઈન્ટરનેટ શબ્દ (inter communication and net work) આ બે શબ્દ પરથી ઉતરી આવેલો શબ્દસમૂહ છે. આ ઈન્ટરનેટ એ વિશ્વવ્યાપી માહિતીઓનું જાળું છે. આપણી રોજિંદી જીંદગીમાં કમ્પ્યૂટરના પગપેસરાના કારણે ઈન્ટરનેટ શબ્દ વઘુ પ્રચલીત બની ગયો છે. હકીકતમાં ઈન્ટરનેટ એક નેટવર્ક છે. આ નેટવર્ક દુનીયાભરમાં ફેલાયેલુ છે. ઈન્ટરનેટ નેટવર્કનો અર્થ થાય છે એકસમાન લાક્ષણિકતા ધરાવતી ઘણી બધી વસ્તુઓ વચ્ચેનું આંતર જોડાણ. આમ ઈન્ટરનેટની આ સુવિધા કમ્પ્યૂટર નેટવર્ક વચ્ચે માહિતીની આપલે કરવાનો એક મંચ પૂરો પાડે છે. ભારતમાં વાણિજિયક હેતુ માટે ઈન્ટરનેટ ની ઉપલબ્ધી ૧૫મી ઓગ્સ્ટ ૧૯૯૫થી શરુ થઈ છે.

ઈન્ટરનેટરુપી સિકકાની પણ બે બાજુઓ છે. રચનાત્મક બાજુ અને ખંડનાત્મક બાજુ . ઉપયોગીતાની દષ્ટિએ તેની પ્રથમ બાજુનો વિચાર કરીએ તો ઈન્ટરશનેટ એ અકલ્પય માહિતીઓનો અગાઘ દરિયો છે. તે મુળભૂત રીતે માહિતીઓ ભેગી કરવાનુ,અન્ય લોકો સાથે સંવાદિતા સાધવાનું, એક કમ્પ્યૂટર પરથી બીજા કમ્પ્યૂટર પર સંશોધનોનો ઉપયોગ વહેંચવાનું તથા વાણિજિયક હેતુ માટે અને મનોરંજનાત્મક હેતુઓ માટે એમ બહુહેતુક રીતે ઉપયોગમાં આવતું માઘ્યમ છે. એની FTP મિતાક્ષરી નામે ઓળખાતી ફાઈલ ટાન્સફર પ્રોટોકોલ દૂર સ્થિત અન્ય કમ્પ્યૂટર પરથી પોતાના કમ્પ્યૂટર પર તેમજ પોતાના કમ્પ્યૂટર પરથી દૂર સ્થિત કમ્પ્યૂટર પર ફાઈલનીસ આપ લે કરી શકાય છે. એનુ સર્ચ એન્જિન નામનુ સાધન પોતાના બ્રાઉઝરમાં આપણી જરુરીયાત અનુસારનો પ્રશ્ન ટાઈપ કરી તેનો જવાબ શોઘી આપે છે. એની WWW નામે ઓળખાતી WORLF WIDE WEB એ એક એવી સેવા છે કે જે વેબ સર્વર (web server) તરીકે ઓળખાય છે. વેબ એટલે કરોળીયાનું જાળું તેથી આ વિશ્વવ્યાપી એક એવું જાળુ છે કે જેના દવારા વિશ્વના અનેક કમ્પ્યૂટરો સંપર્ક સાઘી શકાય છે. અને તેથી તેને WWW કહેવામાં આવે છે.

આમ ઈન્ટરનેટ દવારા આપણે ઈલેકટોનીક મેઈલ e mail અથવા ઈન્ટરનેટ ન્યૂઝ, સેટીંગ અને વિડીયો કોન્ફરન્સ જેવી અતિ ઉપયોગી સેવાઓ ઉપલબઘ થઈ છે. જે. આપણા માટે આશિર્વાદરુપ પુરવાર થઈ છે.

વળી તાજેતરમાં શોઘાયેલી તભીભદતગમની ખાસ સેવા પણ ઈન્ટરનેટ દવારા ઉપલબ્ઘ છે. જે આપણને વિશ્વભરમાંથી માહિતી મેળવવાની અને સંદેશા આપ લે કરવાની પણ સવલત કરી આપે છે આમ આજકલ ચીજવસ્તુઓની ખરીદી કરવી , પોતાના બેંક ખાતાનો વ્યવહાર કરવો , પોતાના વિષયની માહિતી મેળવવી વગેર જેવા વાણિજિયક ઉપયોગો પાર પાડવા માટે પણ ઈન્ટરનેટ નો મહંદઅંશે ઉપયોગ થાય છે. આ તદન નવા કાર્યવિચારને ઈલેકટોનીક કોર્મસ તરીકે ઓળખાય છે. ઈન્ટરનેટનો ઉપયોગ મનોરુજન મામટે વ્યાપક પણે થઈ રહયો છે.

આમ ઉપર્યુકત તમામ સેવાઓ કલાયન્ટ સર્વર તરીકે ઓળખાતી વ્યવસ્થા ઉપર જ શકય બની છે અને તેથી આ બઘી લોકોપયોગી સેવાઓને કારણે ઈન્ટરનેટ માનવજાત માટે આશીર્વાદક્ષ્પ થઈ પડયું.

શિક્ષણના અને જ્ઞાનપ્રાપ્તિના ક્ષેત્રે તો ઈન્ટરનેટના ફાયદા અપંરપાર અને અર્વણનીય છે. ઈન્ટરનેટના લીઘે જેમ વિશ્વ નાનું બની ગયું છે અને એકબીજાની તદન નજીક આવી ગયુ છે તેમ જ્ઞાનનો પ્રચંડ વિસ્ફોટ પણ એટલો હાથવગો થઈ ગયો છે કે ઘરબેઠા તમે દુનીયાભરનું ,કોઈપણ ભાષાનું, કોઈપણ પુસ્તક ઈન્ટરનેટ પર વાચી ભણી શકો છો. એટલુ જ નહિ કોઈ પણ મુદા પરની વિશ્વભરની ઉપલબ્ઘ માહિતી પણ તમારા દિવાન ખંડમા આગળીના વેઢા પર જાણી શકો છો.

પરંતુ હવે એના બીજા પાસાનો વિચાર  કરીએ તો ભારત જેવા આર્થિક પછાત દેશ માટે ઈન્ટરનેટ એ પોષાય એવી સેવા છે જ નહિ અતિ ખર્ચાળ સેવા છે. એટલું જ પુરતુ નહિ પરંતુ ઈન્ટરનેટથી આપણા બાળકો ના શિક્ષણ અને સ્વાસ્થય પર પણ વિપરીત અસર જોવા મળે છે. ઈન્ટરનેટટના દુરપયોગથી આપણું યુવાધન ગેરશિસ્ત અને અસંયમના ગેરમાર્ગે દોરવાઈ રહયું છે. વળી, ઈન્ટરનેટ ના કારણે ભારત જેવા બેરોજગારીથી પીડાતા દેશમાં બેકારી વધી છે.

વળી ઈન્ટરનેટના લીધે દેદની ખાનગી સંરક્ષણાત્મક અને સંશોધનાત્મક માહિતીની ગુપ્તતા જળવાતી નથી. સૌથી મોટું નુકશાન યુવાવર્ગ ને થઈ રહયુ છે. જે ઈન્ટરનેટના દૂરઉપયોગથી વ્યસા પરસ્ત, વિલાસી, સેકસી અને બેજવાબદાર બની જાય છે. ઈન્ટરનેટથી આપણી સામાજીક ગરિમા માનમર્યાદા જળવાતી નથી અને આપણી સંસ્કૃતિ  છિન્ન ભિન્ન થતી જાય છે. ઈન્ટરનેટથી હેકીંગ જેવા પ્રશ્ન ઉભા થાય છે. વાયરસનું દૂષણ વકરતું જાય  છે. એમાંય તે ચેંટીગના નામે ઈન્ટરનેટના દુરુપયોગ થવાથી ભારતનનો નાગરિક  આત્મબળે કે આપબળે સાહસ કરવાનીસ શકિત ગુમાવી રહયો છે. મની ટ્રાન્સફરીગ નામની સુવિધાને લીધે બેંક કૌભાંડો નાં ગુના અસ્તિત્વમામં આવ્યા છે.

શિક્ષમાં ઈન્ટરનેટના પ્રવેશ ના લીધે ગુરુ–શિષ્ય વચ્ચેના પવિત્ર સંબંધો પર પૂર્ણવીરામ મુકાઈ ગયું છે. ઈ–મેઈલ જેવી સુવિધા ઉપલબ્ધ થવાથી વ્યકિત વ્યકિત વચ્ચેના સંબધો ,પ્રત્યક્ષ મિલન વગેરે બંધ થતા જાય છે. માનવ માનવ વચ્ચેનું અંતર વધતું જાય છે.  ટપાલખાતું તો લગભગ મૃતપ્રાય થઈ જાય એવી ઘડીઓ ગણાઈ રહી છે. બાળકો અને યુવાનો ઈન્ટરનેટ પર રજુ થતા મનોરંજનાત્મક કાર્યક્રમો પાછળ પોતાનો કીંમતી સમય વેડફી રહયા છે. જેના પરિણામે એમનો બૌદિધક વિકાસ અટકી ગયો છે. નેટવર્ક ન્યૂઝ સેવાના લીધે વર્તમાનપત્રના સેવાવર્તુળ પર માઠી અસર જોવા મળે છે.

અંતમાં ઈન્ટરનેટનો સમજપૂર્વકનો ઉપયોગ ,મર્યાદા માં રહીને થાય તો આપણો દેશ એકવીસમી સદી સાથે તાલ મીલાવીને સર્વાંગી વિકાસ કરી શકવાની ક્ષમતા ધરાવે છે. અને જો એનો ગેર સમજપૂર્વકનો ઉપયોગ કરવામાં આવે તો કૌટુંબિક ,સામાજીક, અને સાસ્કૃતિકક્ષેત્રે પણ ભારે નુકશાન વેઠવું પડશે. ઈન્ટરનેટના આબંને પાસાને ધ્યાનમાં રાખીને સમજપૂર્વક ઉપયોગ અવશ્ય દેશ , સમાજ, તથા કુંટુંબ અને વ્યકિત માટે લાભદાયી છે.

A.K.PARMAR

- બેલીફ મેઇન પરીક્ષા નુ મટીરીઅલ્સ મેળવવા તમારા વોટ્સપ ગ્રુપ મા 9726905874 નબર એડ કરો

